ભારતના ચૂંટણીપંચની સૂચના મુજબ લોકસભા-વિધાનસભા બેઠક આજુબાજુના વિસ્તારોમાંથી પણ એક સ્થળેથી બીજા સ્થળે દારૂની ચોરી છૂપીથી ગેરકાયદે હેરાફેરી ન થઈ શકે તે માટે જરૂરી પગલા ભરવાના રહે છે અને મતગણતરીના દિવસને પણ ડ્રાય ડે તરીકે જાહેર કરવા સૂચનાઓ અપાયેલ છે. જે મુજબ મતદાનનો સમય પૂરો થવાના કલાકની સાથે પૂરા થાય તે પહેલાના ૪૮ કલાકનો સમય એટલે તા. ૨૯-૧૧-૨૦૨૨ના સાંજના ૫ કલાકથી તા.૧-૧૨-૨૦૨૨ સાંજના ૫ કલાક સુધી. મતગણતરીનો દિવસે તા. ૦૮-૧૨-૨૦૨૨નો દિવસ. ઉપર્યુક્ત ડ્રાય ડે ના દિવસોએ વિદેશી દારૂની દુકાનો તેમજ પોષ ડોડવાનું વેચાણ કરતી દુકાનોએ દારૂ કે પોષ ડોડવા વહેંચવા નહી તેમજ વાઈન શોપ અને પોષ ડોડવાના પરવાનેદારોએ આ દિવસો દરમિયાન તેમની દારૂ વેચાણ તેમજ પોષ ડોડવા વેચાણ માટેની દુકાનો બંધ રાખવી.

યુવક સાથે પરિચયમાં આવતા નાણાંની જરૂર પડી

વાઘેશ્વરની યુવતીએ સગા મામાના ઘરમાં રૂ. 92 હજારની ધાપ મારી

। નવસારી ।

નવસારી વિરાવળ ખાતે રહેતા યુવક સોશિયલ મીડિયા પર સુરત જિલ્લામાં મહુવાના વાઘેશ્વર ખાતે રહેતી યુવતી સાથે સંપર્કમાં આવતા યુવતીએ સગા મામાના ઘરે રોકડ ૫૦ હજાર અને સોના-ચાંદીના દાગીના ૪૨ હજાર મળી ૯૨ હજારની ઘરમાં ધાપ મારતા બરોડા રહેતા મામાએ પોલીસ ફરિયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

સુરત જિલ્લાના મહુવા તાલુકાના વાઘેશ્વર ગામે રહેતી યુવતી હિના ભીખુ પટેલની સોશિયલ મીડિયાના ઈન્સ્ટાગ્રામ એપ ઉપર વિરાવળ નવસારી ખાતે રહેતા પાર્થ ઉર્ફે ગીલો છનાભાઈ રાઠોડના સંપર્કમાં આવતા પરિચય ગાઢ બન્યો હતો. તેઓને આર્થિક સંકડામણ ઊભી થતા હિનાએ તેના સગા મામા રમેશભાઈ નાનુભાઈ પટેલ ઉ.વ. ૬૩, ધંધો નિવૃત્ત રહે. ૨૪૨, ભારતનગર, બાપુની દરગાહ પાછળ, રીફાઈનરી રોડ, ગોરવા હાઉસિંગ બોર્ડ, વડોદરાનું મૂળ મકાન મહુડી ગામ, મીઢોળા ફળિયા, ૭૧૨ નંબરનું મકાન, જિ. નવસારીની ચાવી પોતાની પાસે હોવાથી ગત ૧૫ જુલાઈથી ૨૯ જુલાઈના સમય દરમિયાન મામાના ઘરમાંથી રૂપિયા ૫૦ હજાર અને સોના-ચાંદીના દાગીના કિંમત ૪૨ હજાર મળી કુલ રૂપિયા ૯૨ હજારની ધાપ મારી હતી. જે અંગની માહિતી મામાને ઘરે પહોંચતા તપાસ કરતા તેણે દાગીના અને રૂપિયા ઓળવી લીધા હોવાની કબૂલાત કરી ચુકવણી અર્થે સમય માંગ્યો હતો. પરંતુ મુદત વીતી ગયા બાદ પણ રૂપિયા પરત ન કરતા આખરે મામા રમેશભાઈએ નવસારી રૂરલમાં પોલીસ ફરિયાદ કરતા પોલીસ કાર્યવાહી કરીને આ કેસની તપાસ પી. આઈ. ડી.કે. પટેલે સંભાળી હતી.

ભાજપ ગત વેળા ગુમાવેલી વાંસદા બેઠક પણ કબજે કરવા માટે કટિબદ્ધ

। નવસારી ।

ભારતીય જનતા પક્ષના ગઢ ગણાતા નવસારી જિલ્લામાં વિધાનસભાની ચાર બેઠકો પર રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારોને વિજયી બનાવવા માટે એડીચોટીનું જોર અજમાવવાના પ્રયાસો આદર્યા છે. સત્તાધારી ભાજપે ગત વર્ષે ગુમાવેલી વાંસદા બેઠક ઉપર વિજયપતાકા લહેરાવવા માટે સંગઠનના પદાધિકારીઓ સહિત રાજકીય માંધાતાઓને મેદાનમાં ઉતાર્યા છે.

આગામી વિદ્યાનસભાની ચાર બેઠકો માટે સૌપ્રથમ વખત આમ આદમી પાર્ટીએ પોતાના ચારેય ઉમેદવારોને મેદાનમાં ઉતારતા આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો મારો ચાલી રહ્યો છે. કેડર બેઝ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો પાર્ટીએ આદરેલા પ્રજાકીય વિકાસને મતદારો સમક્ષ લઈ જવાના નિર્ધાર સાથે મેદાનમાં ઉતર્યા છે. ગત તા. ૨૦૧૭ ની વિધાનસભા બેઠકમાં ૪ બેઠકો પૈકી ભાજપે જલાલપોર ૧૭૪-૨૫૭૩૯, નવસારી ૧૭૫-૪૬૦૯૫, ગણદેવી (એસ.ટી.) ૧૭૬-૫૭૨૬૨ વોટોથી જીત મેળવીને કબજે કરી હતી, પરંતુ એકમાત્ર વાંસદા ૧૭૭ બેઠક ૧૬૫૫૯ મતોથી હારી ગઈ હતી. જેથી આ વેળા પાંચ મહિના અગાઉ જ સરકારી નોકરીમાંથી રાજીનામું આપનારા યુવા ઉમેદવાર પીયૂષ પટેલની ઉમેદવારી કરાવી છે. આદિવાસી સમુદાયમાં પોતાની કામગીરી થકી તેઓની લોકચાહનાને પણ લક્ષમાં લઈ આ બેઠક કબજે કરવાના પ્રયત્નો આરંભ્યા છે. જ્યારે પ્રથમવાર આમ આદમી પાર્ટી ફક્ત ઉમેદવાર ઊભો કરીને પોતે પણ અન્યો પક્ષોને હંફાવી શકે તે માટે મતદારો સમક્ષ જઈ રહી છે. કોંગ્રેસે પોતાના જ જાહેર કરાયેલા ઉમેદવારો માટે ચોક્કસ માપદંડ નક્કી ન કરી શક્તા છેલ્લી ઘડીએ ગણદેવી બેઠકના ઉમેદવાર બદલ્યા છે. તે અંગે મતદારો પણ મૂંઝવણમાં મુકાયા છે. ત્યારે આવનારા દિવસોમાં પોતાના પક્ષોના ઉમેદવારોના વિજય માટે આશાવાદ સેવતા પક્ષો માટે મતદારોનું વલણ તો મતપેટીમાં જ બંધ થશે.

મતદાન જાગૃતિ માટે આજે વલસાડમાં સાઈકલ મેરેથોન

। વલસાડ ।

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત વલસાડ જિલ્લામાં તા.૧લી ડિસેમ્બરે યોજાનાર મતદાનમાં જિલ્લાના મતદારો વધુમાં વધુ મતદાન કરી લોકશાહીના પર્વમાં ઉમળકાભેર સહભાગી થાય તેવા પ્રયાસો અંતર્ગત મતદાન જાગૃતિ માટે સ્વીપના નોડલ અને જિલ્લા શિક્ષણાધિકારી તેમજ સ્વીપ નોડલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા SVEEP (Systematic Voters Education and Electoral Participation) કાર્યક્રમ અન્વયે તા. ૧૩-૧૧-૨૨ને રવિવારે સવારે ૮થી ૧૦ કલાક દરમ્યાન વલસાડ શહેરમાં સાયકલ મેરેથોનનું આયોજન કરાયુ છે. સાયકલ મેરેથોનનો પ્રારંભ કોલેજ કેમ્પસથી થશે. આ સાયકલ મેરેથોનમાં મોટી સંખ્યામાં શહેરીજનો ઉત્સાહભેર જોડાય તે માટે અપીલ કરાઈ છે.

BIS 916 હોલમાર્ક દાગીનાનો આજનો સોનાનો ભાવ
46990/- ₹ પ્રતિ 10 ગ્રામ
M.N. JEWELLERS
ભાગળ-અમરોલી-સાયણ મો.7874681449

Vapi Green Enviro Limited - E-Tender Notice

"E-Tender for Supply and Installation of Laboratory Instruments PSA (Particle Size Analyzer and IC (Ion Chromatography) at Centre of Excellence Site, Vapi" shall be conducted on MSTC portal. Interested organizations with similar type of supply experience may visit www.mstcindia.co.in. www.mstcecommerce.com and www.vgelvapi.com. For more details download the tender documents of e-mail to dgm.purchase@vgelvapi.com or call 0260 242 8950, 9714000828

જાહેર નોટીશ

આથી લાગતા વળગતા તમામ અને જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, વલસાડ ડીસ્ટ્રીકટની સબ ડીસ્ટ્રીકટ વાપીના તાલુકાના મોજે "મોટીતંબાડી" ગામે આવેલ ખેડખેતાની ખાતા નંબર-૬૨૩ માં આવેલ.....

સર્વે નંબરો	ક્ષેત્રફળ-હે.-આરે.-પ્રતિઆરે.	આકાર
૩૪૯	૦૦-૬૮-૬૦	૦-૯૫
૬૦	૦૦-૦૩-૩૭	૦-૦૫

વાળી ખેડખાતાની મીલકત સરકારી રેકર્ડ દફતરે એકલા ને સ્વતંત્ર માલીકીની ખુશાલભાઈ મંજીભાઈ પટેલનાઓના એકલા ના નામે ચાલી આવેલ છે. સદર જમીન મિલકત ૭૩ એએ સત્તા પ્રકાર ની હોય જેની વેચાણ અંગેની સક્ષમ અધિકારી ની પરવાનગી શ્રી સંગીતાબેન સુરેશભાઈ પટેલ રહે.દાદરા,ઝરીયા ફળીયા,તાબે - દાદરા નગર હવેલી નાઓનાને નામે મેળવવાની હોય સદર જમીન મિલકતના પાર્ટ પેમેન્ટ ચુકતે સંગીતાબેન સુરેશભાઈ પટેલનાએ આપેલ છે. જે અંગે કોઈ પણ ને વાંધો કે તકરાર હોય તે પુરાવા સાથે દિન ૭ ની અંદર રજુ કરવાના રહશે. ત્યારબાદ કોઈનો કોઈ પણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહી. જેની કાયદેસરની નોંધ લેશોજી.

સ્થળ : વાપી તા.૧૦/૧૧/૨૦૨૨

રહે.કરાયા, ડાડુળીયા ફળીયા, તા.વાપી,જી.વલસાડ મો.નં.૯૯૭૮૮૪૮૭૪૧
બ્રિજેશભાઈ વિનોદભાઈ પટેલ તે સંગીતાબેન સુરેશભાઈ પટેલના એડવોકેટ

સરદાર પટેલ સ્મૃતિભવન એરકંડીશન મીનીબજાર, વરાછા.
આજે બે શો સાંજે ૬ અને ૯.૩૦ કાલથી રોજ રાત્રે ૯.૩૦ ક.
વિજળીની ઝડપ કરતાં પણ વધુ ઝડપી જાદુગર
તદ્દન નવા પ્રયોગો
WORLD FAMOUS
GREATEST MAGICIAN
સ્થળે ધરતી ઉપર ઉતારતો જાદુઈ શો
દરરોજ નવા નવા જાદુનાં પ્રયોગો રજુ કરતાં ભારતનાં એકમાત્ર જાદુગર
જુનિયર જાદુસમ્રાટ મંગલ
સ્ટેચ્યુ ઓફ યુનિટી પલકારામાં ખાલીખમ સ્ટેજ પર હાજર
જાદુગર યુવરાજ બાઈક સાથે સ્ટેજ ઉપરથી ગાયબ
અદ્યતન લેસર લાઈટ હાઈ-ફાઈ સરાઉન્ડ સાઉન્ડ
ટીકીટનું વેચાણ હોલ ઉપર સવારે ૧૦ થી આખો દિવસ
ટીકીટ દર રૂા.૧૫૦/૨૦૦/૨૫૦/૩૦૦/૪૦૦
Online Ticket : bookmyshow
વધુ માહિતી અને શો માટે સંપર્ક : 63516 82986 / 98251 24178

પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સૌ પ્રત્યે સ્નેહ, પરોપકારી, સહયોગભર્યા આપના ગુણોની સ્મૃતિ ચિર સ્મરણીય બની રહેશે. દેહથી ભલે અદૃશ્ય થઈ ગયા પરંતુ આપની યાદ હંમેશા રહેશે. ભગવાન સ્વામી નારાયણ તથા ગુરૂહરી મહંત સ્વામી મહારાજ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.

લિ.
ગં.સ્વ.ચંચળબેન નગીનભાઈ ભંડારી (પત્ની)
પંકજકુમાર નગીનભાઈ ભંડારી (પુત્ર)
સ્વ.કીર્તી નગીનભાઈ ભંડારી (પુત્ર)
અલ્પા બાલકિષ્ણ પટેલ (પુત્રી)
તથા સમસ્ત પરિવાર

અક્ષર નિવાસી નગીનભાઈ રઘુભાઈ ભંડારી
સ્વ.તા.૧૩-૧૧-૨૦૨૧
સ્થળ : સેલવાસ હોટલ વુડલેન્ડની પાછળ (દા.ન.હ.)

સંદેશ વાપી, વલસાડ, નવસારી સંઘપ્રદેશ આવૃત્તિ માટે

બેસણું દુઃખદ અવસાન શ્રદ્ધાંજલિ
૫ X ૯ (૪૫ ચો.સેમી). ફિક્સ સાઈઝના
ફક્ત રૂા. ૭૦૦/-
વધારાના ચો.સેમી.ના રૂા. ૨૫/- (૧૦ X ૯ ચો.સેમી. સુધી) તેનાથી વધારે ચો.સેમી. માટે આખી જા.ખ.નો કાર્ડ રેટ લાગશે

• વાપી : પ્રિતિ એડ્સ : ફોન : ૨૪૩૨૬૬૨, ૯૮૨૫૪૫૧૦૫૧ • વલસાડ : ભાગ્યશ્રીએડ : ફોન : ૨૪૫૧૨૩, ૯૮૭૯૧૬૬૨૫૯ • નવસારી : સંદેશ કાર્યાલય : ૨૫૨૬૬૫, • અનુરાધા એડ્સ : ૭૦૪૩૭૭૭૭૯૦ • કેકુલ પંડ્યા : ૯૮૭૯૨ ૮૨૩૨૯ • બીલીમોરા : શ્રી સાંઈકૃપા એડ : ૯૪૨૭૭૦૬૬૦૮ • ઉમરગામ : તન્ના એડ : ૯૮૨૫૧૧૧૦૩૮ • સરીગામ : યશસ્વી એન્ટરપ્રાઈઝ : ૯૯૭૮૮૫૯૬૫૩ • વાંસદા : સમર્થ એડ : ૯૦૯૯૯૫૬૧૧૧ • ચીખલી : શૈલેષભાઈ એમ. પટેલ : ૯૯૨૫૦ ૮૫૬૦૭ • ધરમપુર : શ્રી પટેલ ન્યુઝ એજન્સી : ૦૨૬૩૩-૨૪૨૨૪૪
• સુરત ઓફિસ : ૦૨૬૧-૪૦૮૯૦૩૪
નોંધ : ઉપરોક્ત ભાવમાં GST અલગથી લાગશે

મોજે - સંજાણ, ખાતે આવેલ ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટિસથી લાગતા વળગતા સર્વે ને જણાવવાનું કે - મોજે - સંજાણ, તા. ઉમરગામ, જી. વલસાડ ખાતે શ્રી સંજય વસંતલાલ યાણાવાલા તથા નીતા પિયુષ યાણાવાલા તથા લેખા પિયુષ તે ચિરાગ શાહની પત્ની ના સહીયારા નામે ખાતા નં. ૧૩૫૯ થી ચાલતી નીચે જણાવેલ જુની શરતની ખેતીની જમીન આવેલી છે.

ગામ	ખાતા નં.	મૂળ સર્વે નં.	નવો સર્વે નં.	ક્ષેત્રફળ
સંજાણ	૧૩૫૯	૫૭ / ૩ / પૈકી ૧	૩૬૦	૦ - ૩૦ - ૬૬
સંજાણ	૧૩૫૯	૫૭ / ૩ / પૈકી	૩૬૯	૦ - ૩૧ - ૨૮
સંજાણ	૧૩૫૯	૩૬ / ૬	૬૦૬	૦ - ૩૭ - ૬૭

સદર જમીન માલીકોએ આ જમીન તેઓની સહીયારી માલીકી તથા કબજા ભોગવટાની છે. અને આ જમીનમા તેમના સિવાય અન્ય કોઈ પણ વ્યક્તિ હિસ્સેદાર કે ભાગીદાર નથી, કે અન્ય કોઈનો માલીકી હક્ક કે અધિકાર ચાલી આવેલ નથી, તેમજ આ મિલકત ઉપર કોઈ બેંક કે સંસ્થાનો બોજો કે દેવું નથી. અને તેઓ આ મિલકતનું ચોખ્ખુ લીગલ ટાઈટલ ધરાવે છે. જેથી સદર જમીન માલીકોએ આ જમીનને ચોખ્ખા ટાઈટલ સાથે વેચવાનું નક્કી કરેલ છે. તેવા સંજોગોમાં આ જમીનના વેચાણ સામે કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારનો વાંધો કે હરકત હોય, અથવા આ મિલકતમાં અન્ય કોઈનો પણ હક્ક, હિસ્સો, લાગભાગ કે ઈઝમેન્ટનાં કે ગણોતીયા કે કબજેદાર તરીકેનાં, અથવા અવર જવરનાં રસ્તા વાપરવાનાં કે કોઈ બેંક કે સંસ્થાની લોન કે દેવું પેન્ડીંગ હોય અથવા અન્ય કોઈપણ પ્રકારનાં હક્કો હોય તો તેના સમર્થનમાં તે અંગેના લેખિત ડોક્યુમેન્ટ સાથે તેની લેખિત જાણ હું નીચે સહી કરનારને આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન - ૭ (સાત) માં અચૂક કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ મિલકતના વેચાણ આપવા સામે કોઈપણ વ્યક્તિને વાંધો કે હરકત નથી, તેમજ આ મિલકતમા અન્ય કોઈપણ વ્યક્તિનો હક્ક - હિત કે લાગભાગ નથી. તેવું માનીને આ નોટીસ પીરીયડ પૂરો થયેથી જમીન માલીકો આ મિલકતનો કાયદેસરનો વેચાણ દસ્તાવેજ નોંધણી કરાવી લેશે. ત્યારબાદ આ મિલકત ની માલીકી તથા ટાઈટલ અંગે કોઈપણ વ્યક્તિની તકરાર કે વાંધો ધ્યાને લેવામાં આ

કુલ ૨,૫૧,૦૪૬ મતદારો પૈકી એકલા ધોડિયા સમાજના ૧,૦૨,૮૬૯ મતદારો

વલસાડની ૧૭૮-ધરમપુર વિધાનસભા બેઠક ઉપર ધોડિયા સમાજના મતદારોનો દબદબો

। વલસાડ ।

વલસાડ જિલ્લાની ૧૭૮-ધરમપુર વિધાનસભા બેઠક પર કુલ ૨,૫૧,૦૪૬ મતદારો નોંધાયા છે. જે પૈકી ૭૮ ટકા એસ.ટી. મતદારો છે. જેમાં ધોડિયા સમાજના મતદારોનો દબદબો વર્તાઇ રહ્યો છે. આ ઉપરાંત ૧૦ ટકા બી.સી. મતદારો, ૫ ટકા સામાન્ય, ૪ ટકા ઓ.બી.સી. અને ૩ ટકા લઘુમતી મતદારો છે.

ધરમપુર વિધાનસભા મતવિસ્તારમાં ધરમપુર તાલુકાના ૧૦૮ ગામોના ૧,૬૭,૧૮૦ મતદારો, ધરમપુર નગરપાલિકા વિસ્તારના ૧૯,૮૪૨ તથા વલસાડ તાલુકાના ૪૧ ગામોના ૮૩,૮૬૬ મળી કુલ ૨,૫૧,૦૪૬ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. જાતિ મુજબ મતદારોની સંખ્યા જોઈએ તો આ બેઠક પર એસ.ટી. જાતિના ૧,૯૫,૫૬૨ મતદારો છે. જેમાં ધોડિયા સમાજના ૧,૦૨,૮૬૯, વારલી નાયકા સમાજના ૫૧,૧૫૫ તથા કુંકણા સમાજના ૪૧,૫૩૮ મતદારોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, બી.સી. જાતિ (માહ્યાવંશી, હળપતિ, કોળચા અને કોટવાળિયા)ના ૨૪,૩૨૯, ઓ.બી.સી. સમાજ (કોળી પટેલ, આહીર)ના ૮૯૫૮, સવર્ણ (દેસાઈ, વાણિયા, કણબી પટેલ, રાજપૂત, પાટીદાર)ના ૧૫,૯૮૨ તથા લઘુમતી સમાજ (મુસ્લિમ)ના ૬૨૧૫ મતદારોનો સમાવેશ થાય છે. આમ આ બેઠક પર ધોડિયા સમાજના મતદારો પ્રભાવ પાડી શકે છે તેવી ચર્ચા સર્વવિદિત છે.

વર્ષ ૨૦૧૨ બાદ વલસાડનાં ૪૧ ગામો ભાજપને જબરા ફળ્યાં

વલસાડ તાલુકાનાં ૪૧ ગામો વર્ષ ૨૦૧૨ પછી ભાજપને કેટલા ફળ્યા તેના પર નજર કરીએ તો વર્ષ-૨૦૧૨ની ચૂંટણીમાં ૪૧ ગામોમાંથી ભાજપને ૨૩,૧૯૩ અને કોંગ્રેસને ૨૮,૬૮૦ મતો મળ્યા હતાં. આમ કોંગ્રેસને અહીં ૫૪૮૭ મત વધુ મળ્યા હતાં. તે પછી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં અહીંથી ભાજપને ૨૯,૫૬૫ અને કોંગ્રેસને ૨૩,૬૭૭ મત મળ્યા હતાં. આમ ભાજપને ૫૮૮૮ મતની સરસાઇ મળી હતી. તે પછી વર્ષ-૨૦૧૭ની ચૂંટણીમાં આ ૪૧ ગામોમાં ભાજપને ૩૫,૧૯૨ અને કોંગ્રેસને ૨૧,૫૧૪ મત મળતા ભાજપને ૧૩,૬૭૮ મતો વધુ મળ્યા હતાં. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપને ૩૮,૮૮૦ અને કોંગ્રેસને ૨૦,૯૭૪ મત મળતા ભાજપની સરસાઇ વધીને ૧૭,૯૦૬ પર પહોંચી ગઇ હતી.

૧૦૮ ગામમાં બે રાજકીય પક્ષને ચાર ચૂંટણીમાં મળેલા મતો

વર્ષ-૨૦૧૨ની ચૂંટણીમાં ધરમપુર તાલુકાનાં ૧૦૮ ગામોમાંથી ભાજપને ૪૩,૮૨૮ અને કોંગ્રેસને ૫૩,૬૩૯ મત મળ્યા હતાં. આમ કોંગ્રેસને ૯૮૧૧ની સરસાઇ મળી હતી. તે પછી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપને ૪૪,૭૨૬ અને કોંગ્રેસને ૫૦,૧૨૨ મત મળતા કોંગ્રેસને ૫૩૯૬ મતની સરસાઇ મળી હતી. પરંતુ તે પછી ૨૦૧૭ની ચૂંટણીમાં ધરમપુર તાલુકાના ૧૦૮ ગામોમાં ભાજપને ૫૯,૭૫૨ અને કોંગ્રેસને ૫૧,૧૮૪ મત મળતા ભાજપને વર્ષો બાદ અહી ૮૫૬૮ મતની સરસાઇ મળી હતી. જો કે ૨૦૧૯ની ચૂંટણીમાં અહીંથી કોંગ્રેસને ૫૬,૨૮૬ અને ભાજપને ૫૬,૯૫૨ મત મળતા ભાજપને માત્ર ૬૯૬ મતની નજીવી સરસાઇ જ મળી હતી.

વાપીમાં દહેજ માંગી ત્રાસ અપાતા યુવતીનો ફાંસો ખાઈ આપઘાત

વાપી : વાપી ટાઉન વિસ્તારમાં રહેતા એક પરિવારની ૨૨ વર્ષીય મહિલાએ આપઘાત કરી લેતા આ મામલે વાપી ટાઉન પોલીસમાં દહેજ તથા આપઘાત માટે દુષ્પ્રેરણા અંગેનો ગુનો નોંધાયો હતો. વાપી ટાઉન વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષીય યુવતીએ પોતાના ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેની પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. તેમાં તેના પતિ તથા જેઠ દ્વારા દહેજની માંગણી કરી શારીરિક માનસિક ત્રાસ અપાતો હોવાની વાતોનો ઉલ્લેખ કરાયો છે. ઘટના અંગે વાપી ટાઉન પોલીસ મથકે મૃતકના માતાએ ફરિયાદ આપતા પોલીસે મૃતક મહિલાના પતિ તથા જેઠ સામે આઈપીસી ૪૯૮, ૩૦૬ તથા દહેજ પ્રતિબંધક ધારાની વિવિધ કલમ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ઘટનામાં મહિલાના લગ્ન સમયનો ગાળો માત્ર ૩ વર્ષ હોવાથી આ બાબતને સંવેદનશીલ ગુનો ગણી મહિલાનું નામ જાહેર કરાયું નથી. જોકે પોલીસે આરોપીની ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસે ત્રણ વાહનો સહિત ૧૧.૮૪ લાખનો મુદ્દામાલ કબજે લીધો

ઓલપાડના ગોથાણ ગામેથી રૂપિયા ૨.૪૦ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

। કીમ ચારરસ્તા ।

ઓલપાડ પોલીસે પૂર્વ બાતમીના આધારે એક મોટા ડીઝલ જનરેટરની બોડીની આડમાં ગોથાણ ગામની સીમમાંથી ૧૧.૮૪ લાખનો વિદેશી દારૂ સહિતનો મુદ્દામાલ કબજે લીધો હતો. સાથે પોલીસે ત્રણ વાહનો કબજે લઈ માલ મંગાવનાર અને લેનારને વોન્ટેડ જાહેર કરીને કાર્યવાહી હાથ ધરી છે.

ઓલપાડ પોલીસની હદમાં તેમજ ગોથાણ ગામની સીમમાં ક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીઝ નજીક આશાપુરા હોટલની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં એક સફેદ કલરની મહેન્દ્ર પીકઅપ ગાડી (નં. એમએચ-૪૮-સીબી-૩૨૫૯)માં એક મોટા ડીઝલ જનરેટરની બોડીની આડમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે એને તે બીજા વાહનોમાં કાર્ટિંગ થનાર છે જે અંગેની બાતમી ઓલપાડ પીઆઇ એમડી તોમરને મળી હતી. જેના આધારે હરકતમાં આવેલી ઓલપાડ પોલીસે બાતમીવાળી જગ્યા ઉપર રેડ કરી હતી અને ઘટનાસ્થળેથી વિદેશી દારૂની બોટલો તેમજ બિયરના ટીનની ૮૫ પેટીમાં ભરેલી ૩૫૦૪ બોટલો રૂ. ૪ લાખનો દારૂ તેમજ બિયરનો જથ્થો કબજે લીધો હતો. તેમજ ૬ લાખ રૂપિયાનો મહેન્દ્ર પીકઅપ ટેમ્પો, ૪ લાખ કિંમતના બે અલગ અલગ છોટાહાથી ટેમ્પો સહિત ૧૧.૮૪ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે લીધો હતો. ઓલપાડ પોલીસે માલ મંગાવનાર તેમજ માલ લેનાર સામે પ્રોહિબિશન એક્ટનો ગુનો નોંધી તમામને વોન્ટેડ જાહેર કરી કાર્યવાહી કરી હતી.

એલસીબીએ કડોદરાથી ૭૮ હજારનો દારૂ કબજે લીધો

પલસાણા : સુરત ગ્રામ્ય એલસીબીની ટીમે બાતમીના આધારે કડોદરા સ્થિત આવેલી ગીત મહેલ ટોકીઝ પાસેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી ૩ ઇસમોને વોન્ટેડ જાહેર કર્યા હતા. સુરત ગ્રામ્ય એલીસીબીની ટીમ ગતરોજ પેટ્રોલિંગમાં હતી ત્યારે એલસીબીને બાતમી મળી હતી કે, તાતીથૈયા ગામે આવેલા સોની પાર્કમાં રહેતા અને વિદેશી દારૂનો ધંધો કરતા રિન્કુ લક્ષ્મણ દુબેએ તેના માણસો દ્વારા કડોદરા ગામે ક્રિષ્ણાનગર સ્થિત આવેલી ગીત મહેલ ટોકીઝ પાસે ઝાડીઝાંખરામાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે અને તે માલ વગે કરવાની પેરવીમાં છે. જેના આધારે એલસીબીની ટીમ સ્થળ પર જઇ રેઇડ કરતા વિદેશી દારૂની બાટલી કિં. ૭૮૦૦૦ તેમજ એક મોપેડ (નંબર જીજે.૧૯. એપી.૦૫૮૨) મળી રૂ. ૯૮,૦૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. જોકે આ ગુનામાં સંડોવાયેલા રિન્કુ દુબે તેનો માણસ નીરજ તથા મોપેડ પર પાછળ બેઠલા એક અજાણ્યા ઇસમને વોન્ટેડ જાહેર કરી આગળની તજવીજ હાથ ધરી છે.

ABVP દ્વારા કોલેજના આચાર્યને આવેદનપત્ર આપ્યું

કોલેજમાં વિદ્યાર્થિનીઓ માટે સેનેટરી નેપ્કિનનું વેન્ડિંગ મશીન મૂકવા માગ

। વલસાડ ।

વલસાડની સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે કોલેજમાં અલાયદો રૂમ રાખવા ઉપરાંત કોલેજોમાં વિદ્યાર્થિનીઓ માટે સેનેટરી નેપ્કિનનું વેન્ડિંગ મશીનની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગણી એ.બી.વી.પી. દ્વારા કરવામાં આવી છે.

કોલેજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓના સ્વાસ્થ્યને ધ્યાને રાખી વિદ્યાર્થિનીઓ માટે કોલેજ પરિસરમાં જ અલાયદો રૂમ અને તે રૂમમાં સેનેટરી નેપ્કિનનું વેન્ડિંગ મશીન રાખવાની વ્યવસ્થા દેશના કેરળ રાજયમાં પ્રથમ શરૂ કરવામાં આવી હતી. જે બાદ તેનો અમલ બીજા રાજયોમાં શરૂ કરવામાં આવ્યો છે. જે મુજબ વલસાડની સાયન્સ કોલેજમાં પણ આ વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી માંગણી સાથે એ.બી.વી.પી.ની વિદ્યાર્થિનીઓએ કોલેજના આચાર્ય ડો. વિકાસભાઈ દેસાઈને આવેદનપત્ર સુપ્રત કર્યું છે. કોલેજના આચાર્યને સુપ્રત કરાયેલા આવેદનપત્રમાં વિદ્યાર્થિનીઓ માટે કોલેજોમાં સ્વાસ્થ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ બનાવવાની રજૂઆત કરવામાં આવી છે.

દમણમાં પ્રશાસન અને ઉમેશ પટેલ ફરી એકવાર આમને સામને

મરવડમાં સરકારી જમીનમાં ગૌશાળા વિવાદ બાદ સંચાલકપદેથી ઉમેશ પટેલનું રાજીનામું

ફરિયાદ ખોટી હોવાનો આક્ષેપ, પ્રશાસન માફી નહીં માંગે તો કાર્યવાહીની ચીમકી

। દમણ-વાપી ।

નાની દમણ મરવડ ખાતે આવેલી સરકારીમાં ગૌશાળા બનાવી દબાણ કરવા અંગે દમણના મેજિસ્ટ્રેટ એવમ માલતદાર દ્વારા ગૌશાળાના સંચાલક ઉમેશ પટેલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. જે બાબતે ઉમેશ પટેલે દમણ પ્રશાસનને લેખિત પત્ર પાઠવીને નારાજગી વ્યક્ત કરવા સાથે ગૌશાળાના સંચાલક પદેથી પણ રાજીનામુ આપી દીધુ હતુ.

દમણ પ્રશાસનને ઉમેશ પટેલે લખેલા પત્રમં જણાવ્યું છે કે પીડિત, લાચાર, અસહાય, નિરાધાર બીમાર ગાયો માટે જય જલારામ પીડિત ગૌશાળા ઘણાં વર્ષોથી ચાલી રહી છે. જે જગ્યા નાની પડવાથી મરવડ પંચાયતના સરપંચ સાથે વાત કરી ગૌશાળાને દલવાડા સ્થિત સર્વે નં. ૨૭૯માં ખસેડવામાં આવી હતી. જે માટે પંચાયતે પોતે સહયોગ કર્યો હતો. સેવાની કામગીરી બદલ કર્મચારીનો પગાર પણ મરવડ ગ્રૂપ ગ્રામપંચાયત દ્વારા ચૂકવવામાં આવ્યો હતો.

ઉમેશ પટેલે દમણના મામલતદારને લેખિત પત્ર પાઠવીને આ વિવાદિત ગૌશાળા સરકારને સુપ્રત કરવા લેખિત રજૂઆત કરી હતી. પોલીસને અપાયેલી ફરિયાદ બાબતે ઉમેશ પટેલે જણાવ્યું છે કે જે જમીન વપરાશ અંગે પ્રશાસનની પરવાનગી મેળવાઈ હતી. તેમ છતાં મારી સામે ખોટી ફરિયાદ કરી ફોટાવાળી પ્રેસનોટ બહાર પાડી સામાજિક બદનામી અને મારી કારકિર્દી ખતમ કરવાનો પ્રયાસ કરાયો છે. આ બાબતે પ્રશાસન જાહેરમાં માફી માંગે, અન્યથા પ્રશાસન વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા મજબૂર થઈશ. પત્રની નકલ દાનહ દમણ અને દીવના પ્રશાસક ઉપરાંત પોલીસ વિભાગ, દમણના કલેક્ટર તથા દમણ જિલ્લા પંચાયતને મોકલવામાં આવી છે.

ઉમેશ પટેલ સહિત ત્રણની ધરપકડ

સંઘપ્રદેશ દમણમાં દલવાડા ખાતે જલારામ (પીડાગ્રસ્ત) ગૌશાળા સરકારી જમીન ઉપર ગેરકાયેદ કબજો જમાવી ચલાવાતી હોવાની ફરિયાદ મળતા પોલીસે ગુનો નોંધી ઉમેશ પટેલ સહિત ૩ની ધરપકડ કરી હતી.

હરિયા ફાટક પાસે ટ્રેન અડફેટે ચઢેલા યુવાનનું સારવાર વેળા મોત

। વલસાડ ।

વલસાડ નજીકના હરિયા ગામના રેલવે ફાટક પાસે ટ્રેનની અડફેટે ચઢેલા યુવાનનું અત્રેની સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જે બાબતની ફરિયાદ વલસાડ રૂરલ પોલીસ મથકમાં નોંધાઈ છે.

વલસાડના હરિયા ગામના રેલવે એલસી ગેટ નંબર ૧૯૮/૧ પાસેથી પસાર થતી કોઈક ટ્રેનની અડફેટે ચઢેલા રામનાથ રવિશંકર શર્મા (ઉ.વ. ૩૩) નામના યુવાનને ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં રવિશંકર શર્માનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જે બાબતે વલસાડ રૂરલ પોલીસે અકસ્માત મોત મુજબ ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. ચતુરભાઈ કરી રહ્યા છે. મૃતકના વાલીવારસોને વધુ માહિતી માટે અને લાશનો કબજો મેળવવા વલસાડ રૂરલ પોલીસનો સંપર્ક કરવા જણાવાયું છે.

મહુવા અને માંડવીમાં છેલ્લી પાંચ ચૂંટણીમાં મહિલા મતદારો અગ્રેસર

। બારડોલી ।

સુરત જિલ્લાની ૧૭૦-મહુવા વિધાનસભા બેઠક અને ૧૫૭-માંડવી વિધાનસભા બેઠક પર નોંધાયેલા મતદારોમાં વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૨૨ દરમ્યાન મતદાર યાદીમાં કુલ વિધાનસભા બેઠકમાં પુરુષો કરતા આ બંન્ને બેઠક પર સ્ત્રી મતદારોની સંખ્યા વધુ રહી છે. લગાતાર સ્ત્રી મતદારોનો વધારો એ હાલના સંજોગોમાં સારી નિશાની કહી શકાય.

૨૦૦૨-ની વિધાનસભામાં સુરત જિલ્લાની મહુવા (એસ.ટી.) વિધાનસભા બેઠક પર ૭૯,૮૭૦ પુરુષ મતદારોની સામે ૮૦,૯૭૬ મહિલા મતદારો નોંધાયા હતા. ૨૦૦૭ની વિધાનસભા ચુંટણીમાં સુરત જિલ્લાની મહુવા (એસ.ટી.) બેઠક પર ૮૩,૯૭૫ પુરુષ મતદારોની સામે ૮૪,૩૭૨ મહિલા મતદારો નોંધાયા હતા. જ્યારે ૨૦૧૨ના વર્ષમાં ૧,૦૬,૦૫૨ પુરુષ મતદારો સામે ૧,૦૮,૫૫૨ મહિલા મતદારો, ૨૦૧૭ની ચુંટણીઓમાં ૧,૦૧,૩૧૮ પુરુષ મતદારોની સામે ૧,૦૧,૫૫૪ મહિલા મતદારો હતા. જ્યારે ૨૦૨૨ની હાલની ચુંટણીમાં પણ ૧,૧૧,૩૧૮ પુરુષ મતદારોની સામે ૧,૧૭,૧૧૩ મહિલા મતદારો છે.

સુરત જિલ્લાની માંડવી (એસ.ટી.) વિધાનસભા ૨૦૧૨માં અસ્તિત્વમાં આવી હતી. તેમાં પણ ૨૦૧૨ની ચુંટણીમાં ૧,૦૪,૨૫૯ પુરુષ મતદારોની સામે ૧,૦૫૧,૦૫૧૯ મહિલા મતદારો, ૨૦૧૭ની ચુંટણીમાં ૧,૧૧,૯૮૦ પુરુષ મતદારોની સામે ૧,૧૩,૯૭૫ મહિલા મતદારો હતા. જ્યારે વર્તમાન ૨૦૨૨ની ચુંટણીમાં ૧,૨૧,૦૭૭ પુરુષ મતદારોની સામે ૧,૨૫,૬૫૮ મહિલા મતદારો છે. મહિલા મતદારો હરહંમેશ લોકશાહીની ફરજ બજાવવામાં અગ્રેસર રહી છે. સમક્ષ અને જનહિતની ભાવના ધરાવતા જનપ્રતિનિધિઓને ચૂંટવામાં આ મહિલાઓનુ આગવુ યોગદાન રહ્યુ છે.

૨૦૦૭, ૨૦૧૨ અને ૨૦૧૭ની ચૂંટણીમાં નોંધપાત્ર મહિલાઓએ મતદાન કર્યું

પાંચવેરાના બાઈકચાલકને ગંભીર ઈજા થતાં કપરાડા ખસેડાયો

સુથારપાડા પાસે ટ્રકની ટક્કરથી બાઈક સવાર બે યુવાનો પટકાયા, એકનું મોત

। નાનાપોંઢા, વલસાડ ।

કપરાડા તાલુકાના સુથારપાડા ગામે નાસિક તરફથી આવી રહેલી ટ્રકના ચાલકે એક સ્પ્લેન્ડર બાઈકને ટક્કર મારતા સર્જાયેલા અકસ્માતમાં બાઈક ઉપર પાછળ બેઠેલા કપરાડાના ફળી ગામના યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યુ હતું. જ્યારે બાઈકચાલકને ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં ખસેડાયો હતો.

મહારાષ્ટ્રના નાસિકથી કપરાડા તરફ આવી રહેલી ટ્રક નં. જીજે.૧૨.બીડબલ્યુ.૫૫૨૮ના ચાલકે નાસિક-કપરાડા ને.હા.નં. ૮૪૮ ઉપર સુથારપાડાના ચોકી ફળિયામાંથી બપોરે ૩-૦૦ વાગ્યે પસાર થતી વેળા બાઈક નં. જીજે.૧૫. ડીએલ.૮૭૪૬ને અડફેટે લેતા, બાઈકસવાર બે યુવાનો નીચે પટકાયા હતાં. અકસ્માતમાં બાઈક ઉપર ચાલકની પાછળ બેઠેલા કલ્પેશ મંગળુભાઈ સાલકર (ઉ.વ.૨૦, રહે. ફળી, તા. કપરાડા)ને માથા તથા શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજા થતાં તેનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું. જ્યારે ચાલક અશ્વિન સજુભાઈ રાથડ (ઉ.વ.૧૯, રહે. પાંચવેરા, તા.કપરાડા)ને ગંભીર ઈજા થતાં, સુથારપાડા સી.એચ.સી.માં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવારાર્થે કપરાડા ખાતે ખસેડાયો હતો. બંને યુવાનો ફળી ગામથી સુથારપાડા ખાતે કામઅર્થે જતા હતાં. ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકટોળું સ્થળ ઉપર એકત્ર થઇ ગયું હતું. કપરાડા પોલીસના જવાનો સ્થળ પર દોડી ગયાં હતાં અને સ્થિતિ કાબુમાં લીધી હતી.

તાપીની બંને બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

। વ્યારા ।

તાપી જિલ્લામાં ૧૭૧-વ્યારા બેઠક ઉપર અને ૧૭૨-નિઝર બેઠક ઉપર કોંગ્રેસ દ્વારા ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરી દીધા છે. નિઝર બેઠક માટે ૭ ફોર્મ જ્યારે વ્યારા બેઠક પર બે ફોર્મ ભરાયાં છે.

તાપી જિલ્લામાં તા. ૧૦-૧૧-૨૨ના રોજ ૧૭૧-વ્યારા (અ.જ.જા) વિધાનસભા મતદાર વિભાગ માટે વ્યારા તાલુકાના કરંજવેલ ગામના રહીશ અને કોંગ્રેસના ઉમેદવાર પુના ઢેડાભાઈ ગામીતએ ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું. વ્યારા બેઠક માટે કોંગ્રેસમાંથી ગામીત રામભાઈ હરીલાલ (લખાલી) એ ફોર્મ ભર્યું હતું. ૧૭૨-નિઝર (અ.જ.જા) વિધાનસભા મતદાર વિભાગ માટે કોંગ્રેસમાંથી સુનિલભાઈ રતનજીભાઈ ગામીત, પ્રવીણાબેન સુનિલભાઈ ગામીત, ભીલાભાઈ ધૂરિયાભાઈ ગામીત તથા આમ આદમી પાર્ટીમાંથી અરવિંદભાઈ સિંગાભાઈ ગામીત, બીટીપીના ઉમેદવાર સમીરભાઈ જનકભાઈ નાઈકે ઉમેદવારીપત્ર રજૂ કર્યા હતા.

ઓલપાડ વિધાનસભા બેઠક પરથી ભાજપના મુકેશ પટેલ અને કોંગ્રેસના દર્શન નાયકે ફોર્મ ભર્યું

કીમ ચારરસ્તા : ઓલપાડ વિધાનસભા બેઠક માટે શુક્રવારે ભાજપમાંથી મુકેશ પટેલે પોતાના સમર્થકો સાથે રેલી કાઢી ફોર્મ ભર્યું હતું. જેમણે ભાજપ સંગઠન હોદ્દેદારો, તાલુકાના સરપંચો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરોની ઉપસ્થિતિ વચ્ચે ફોર્મ ભર્યું હતું. જ્યારે કોંગ્રેસમાંથી ઓલપાડ બેઠક ઉપર દર્શન નાયકે પોતાના સમર્થકો સાથે ફોર્મ ભર્યું હતું.

કોમ્બિંગ વેળા જવાનો દ્વારા ૧૨૬ રૂમ અને ૩૩ ચાલીઓમાં તપાસ કરાઈ

વાપી વિધાનસભા ચૂંટણી અન્વયે કાયદો અને વ્યવસ્થા જાળવવા ફ્લેગમાર્ચ કરાયું

। વાપી ।

વલસાડ જિલ્લામાં અગામી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ તા. ૧ ડિસેમ્બરે યોજાનાર છે. જે અન્વયે વલસાડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે થાય તે માટે વલસાડ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા વાપીના સર્કિટ હાઉસ ખાતેથી જિલ્લા પોલીસવડા ડો. રાજદીપસિંહ ઝાલાના નેતૃત્વ હેઠળ વાપી શહેર, ડુંગરા પો. સ્ટે., જી.આઈ. ડી.સી. પોસ્ટ વિસ્તારમાં જિલ્લા પોલીસ તથા અર્ધલશ્કરી દળોના અધિકારીઓ તથા જવાનો દ્વારા ફ્લેગમાર્ચ, ફૂટ પેટ્રોલિંગ તથા એરિયા કોમ્બિંગ કરવામાં આવ્યું હતું.

ફ્લેગ માર્ચમાં ગુજરાત પોલીસ સીઆઈએફ સ્ક્વોર્ડના જવાનોનો મોટો કાફલો મુખ્ય માર્ગો પર પોલીસના ૨૦ જેટલા વાહનોમાં વાપી તાલુકા, શહેર અને વાપી ઉદ્યોગ નગર વિસ્તારના રસ્તા ઉપરથી પસાર થયો હતો.. આ ફ્લેગ માર્ચમાં વાપી વિભાગના ડીવાયએસપી બી.એન. દવે, એસઓજી પીઆઈ વિજયભાઈ બારડ, અને અન્ય વિભાગના પીઆઇ તેમજ વાપી ટાઉનના પીઆઇ બી.જે. સરવૈયા, વાપી ઉદ્યોગ નગર પી.આઈ. વી.જી.ભરવાડ અને ડુંગરા પોલીસ મથકના પી.આઈ. સી.બી. ચૌધરી તથા ૧૨ પીએસઆઈ, ૧૫૦ સીઆઈ એસએફના જવાનો તેમજ વાપી વિભાગના પોલીસ કર્મચારીઓએ ફ્લેગ માર્ચ કરી હતી. આ ફ્લેગ માર્ચ વાપી ગાંધી સર્કલ પાસે આવેલ સર્કિટ હાઉસથી નીકળી કોપરલી ચાર રસ્તા, ગુંજન, અંબા માતા મંદિર થઈ છીરી, રાતા અને વાપી ૯ ઉદ્યોગનગર વિસ્તારમાં ફરી હતી.

કોમ્બિંગમાં જવાનો દ્વારા ૧૨૬ રૂમોની અને ૩૩ ચાલીઓની તપાસ કરવામાં આવી હતી તેમજ ૨૫૦૦ વ્યક્તિઓને સ્થળ દંડ, ૨૨ બી- રોલ, ૩ એમસીઆર, ૧ પ્રોહિબિશન અને ૨૦૭ મુજબ ૯ વ્યક્તિઓ સામે કાર્યવાહીની કામગીરી કરવામાં આવી હતી.

ચાર ગુનામાં સંડોવાયેલા નવસારીના આરોપીની પાસા હેઠળ અટકાયત

। નવસારી ।

નવસારી જિલ્લામાં આગામી થનારી ચૂંટણીને લઈને આદર્શ આચારસંહિતાની અમલના ઉદ્દેશથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ અને મતદારો બિનભયગ્રસ્ત મતદાન કરી શકે તે માટે વિવિધ ગુના આચરતા ભયજનક ઇસમો ઉપર લગામ કસવામાં આવી છે. જિલ્લા એલ.સી.બી.એ નવસારીના બારડોલી રોડ મેઘદૂત સોસાયટી ખાતે રહેતા વાઘાભાઈ ઉર્ફે વાઘો દેવાભાઈ ભરવાડ કે જેમના ઉપર નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ત્રણ અને સુરતના ખટોદરા પોલીસ સ્ટેશનમાં મળી કુલ ચાર નોંધાયા છે તેને ભયજનક દર્શાવીને તેની પાસા હેઠળ અટકાયત કરીને રાજકોટ સ્થિત મધ્યસ્થ જેલ ખાતે મોકલી દેવાયો છે.

કરવડમાં પ્લોટ પચાવી પાડનાર કંપનીના માલિક સામે ફોજદારી

। વાપી ।

વાપી તાલુકાના કરવડ ગામે નીતિન એલોઈસ ગ્લોબલ લિમિટેડ કંપનીના માલિકે કંપનીની લાગુ જમીનમાં ગેરકાયદે પ્રવેશ કરી બાંધકામ કરી દઈ તે જમીન પચાવી પાડી હોવાના ગંભીર આક્ષેપ સાથે આ જમીનના પાવરદારે વાપી ટાઉન પોલીસમાં ફોજદારી નોંધાવી છે.

વાપીની સ્નેહપાર્ક સોસાયટીમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનો વેપારી ધંધો કરતા મહેશ સેવંતીલાલ શાહ કરવડ ગામે આવેલી તરુણાબેન જયંતીલાલ પંચાલનાઓની ખાતા નં. ૬૭૦માં સર્વે નંબર ૬૭૯/૧ પૈકી ૧વાળી કુલ ૪-૯૪-૬૫ ક્ષેત્રફળવાળી જમીનનો પાવર ઓફ એટર્નીથી કારભાર સંભાળે છે. આ જમીનને તેમણે જુલાઈ ૨૦૧૬માં કરાવી હતી. અને તેમાં પ્લોટિંગ કરી ૧૩ પ્લોટ પાડયા હતા. જે પૈકી પ્લોટ નંબર ૭ સર્વે નં. ૬૭૯/૧ પૈકી ૭ જેનું ક્ષેત્રફળ ૧૮૦૧૧ સ્કવેર મીટર હોય, તે નીતિન એલોઈસ ગ્લોબલ લિમિટેડ કંપનીના માલિકને દસ્તાવેજ કરી વેચાણે આપી હતી. હવે નીતિન એલોઈસ ગ્લોબલ લિમિટેડના માલિકે તે પછી આ જમીનને લાગુ કોમન પ્લોટ નંબર -૨ સર્વે નં. ૬૭૯/૧ પૈકી ૧૪ ઉપર ખોટી રીતે કબજો કરી જમીન પચાવી પાડી હતી. ઉપરાંત તેમાં ઔદ્યોગિક ક્ષેત્રનું ખોટું બાંધકામ કરી દીધુ હતુ. આમ નીતિન એલોઈસ ગ્લોબલ લિમિટેડના માલિકે ખોટી રીતે જમીન પચાવી પાડી ગુનાહિત પ્રવેશ કર્યો હોય, તેની સામે ગુજરાત જમીન પચાવી પાડવી અધિનિયમ ૨૦૨૦ની કલમ ૩ અને ૪ મુજબ ગુનો નોંધાયો છે.

નવસારી BAPS મંદિરે આજે હાસ્ય સાહિત્ય અને ભક્તિગીતોનો ત્રિવેણી કાર્યક્રમ

। નવસારી ।

તા. ૧૩મીએ રવિવારે સાંજે ૫ કલાકે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ગ્રીડ નવસારીમાં પૂ. પ્રમુખસ્વામી મહારાજના આનંદની વાતો કરવાનો અવસર હાસ્ય, સાહિત્ય અને ભક્તિ ગીતોનો રસભર્યો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં સિરિયલના કલાકાર હાસ્યવક્તા રૂપે નીતિન દેસાઈ પધારશે. સાથમાં સ્વામિનારાયણ મંદિરના સંત કૃષ્ણપ્રિય સ્વામી સંગીત અને કથામૃત સંભળાવશે. નવસારી વિસ્તારના ભક્તોને કાર્યક્રમમાં હાજર રહી આયોજનનો લાભ લેવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

બીજા દિવસે ગાયબ થતાં માતા લઈ ગઈ હોવાનું અનુમાન

જોગવાડના ખેતરમાં દીપડાનાં ૩ બચ્ચાં દેખાયાં

। ચીખલી ।

ચીખલી તાલુકામાં શેરડીની કાપણી શરૂ થતાની સાથે દીપડાની જાહેરમાં અવરજવર વધી જતા લોકોમાં દહેશત વચ્ચે વનવિભાગ દ્વારા પાંજરા ગોઠવી કવાયત હાથ ધરવામાં આવી છે. જોગવાડ ગામે ખેતરમાં દીપડાના ૩ જેટલા બચ્ચા દેખાયા બાદ બીજા દિવસે ગાયબ થઈ જતા દીપડા પોતાના બચ્ચાને લઈ ગઈ હોવાનું અનુમાન કરાઈ રહ્યું છે.

જંગલોમાંથી દીપડા જેવા વન્ય પ્રાણીઓ સ્થળાંતર કરી ચીખલી વિસ્તારમાં જાણે કાયમી વસવાટ કરી દીધો હોય તેમ દર વર્ષે ચોમાસાની વિદાય બાદ શેરડીની કાપણી શરૂ થતા શે